આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૧૫-૦૮-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દિલ્હી

દેશ આજે **78**મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. મુખ્ય સમારોહ આજે સવારે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પર યોજાયો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રને સંબોધન કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 78મા સ્વાતંત્ર્ય પર્વની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. લાલ કિલ્લા પરથી દેશને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આજે એ શુભ ક્ષણ છે, જ્યારે આપણે દેશની આઝાદી માટે પ્રાણની આહૂતિ આપનારા અને આજીવન સંઘર્ષ કરનારા લોકોને યાદ કરીએ. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, અમે કોઈ પણ રાજકીય મજબૂરીના કારણે નહીં, પરંતુ નેશન ફર્સ્ટની ભાવનાની સાથે પરિવર્તન કર્યા છે, જેમાં સૌથી મોટું ઉદાહરણ બેન્કિંગ ક્ષેત્રમાં થયેલું પરિવર્તન છે.

પ્રધાનમંત્રીએ સંબોધન દરમિયાન તમામ રાજકીય દળોને વન નેશન વન ઈલેક્શન અંગે આગ્રહ કર્યો હતો. તેમણે દેશવાસીઓને વિકસિત ભારત એટ 2047 માટે આપેલા અનેક સૂચનનો પણ ઉલ્લેખ કર્યો.

**(RNU અમદાવાદ)**

---

## ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી-રાજ્ય

રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ખેડા જિલ્લાના નડિયાદ ખાતે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કરાઈ હતી. મુખ્યમંત્રીએ તિરંગો લહેરાવીને સલામી આપી હતી. આ પ્રસંગે સંબોધન કરતા તેમણે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલના બલિદાનને યાદ કર્યા.

આ પ્રસંગે જિલ્લા સાંસદ દેવુસિંહ ચૌહાણ સહિત સ્થાનિક ધારાસભ્યો, નેતાઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(RNU અમદાવાદ)**

---

## ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી-કચ્છ

દેશભરની સાથે આજે સરહદી કચ્છ જીલ્લામાં ૭૮ માં સ્વાતંત્ર્ય દિનની જોશભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ કચ્છના આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામ ખાતે યોજાયો હતો. રાજ્યના ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ગાંધીધામના રમતગમત સંકુલ ખાતે તિરંગાને સલામી આપીને ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે કચ્છની ખમીરીને બિરદાવી જણાવ્યું કે, કચ્છમાં અત્યાર સુધી વાવાઝોડા, દુકાળ અને ભયાનક ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ આવી છે. કચ્છના લોકોએ હંમેશા જુસ્સાભેર આ આફતોનો સામનો કર્યો છે તેમ તેમણે જણાવ્યું હતું.

કચ્છની વિકાસયાત્રાની વાત કરતા મંત્રીશ્રીએ ભૂકંપ બાદ કચ્છમાં થયેલો વિકાસ, નર્મદાનું પાણી આવવાથી કચ્છના લોકોના જીવનમાં આવેલ મહત્વપૂર્ણ પરિવર્તનો, રણોત્સવ, પતંગોત્સવ જેવા ઉત્સવો અને કચ્છી મહિલાઓની હસ્તકલાને કારણે પ્રવાસનના હબ તરીકે કચ્છની આગવી ઓળખ વગેરેનો ઉલ્લેખ કર્યો હતો.

રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે કચ્છ વિશ્વમાં મુખ્ય કેન્દ્ર બની રહેશે તેવા વિશ્વાસ સાથે શ્રી રાજપૂતે જણાવ્યું કે, સૌથી મોટો 30 ગીગા વોટનો સોલાર-વિન્ડ એનર્જી પાર્ક કચ્છમાં આકાર લઈ રહ્યો છે. જે સમગ્ર વિશ્વમાં રિન્યુએબલના ક્ષેત્રને એક નવી દિશા આપશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દેશમાં સામાજિક, આર્થિક, માળખાકીય, નીતિગત સુધારાઓ દ્વારા “નયા ભારત”ના નિર્માણની નવી ગાથા શરૂ કરી છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

તેમણે રાજ્ય સરકારની વિવિધ જન કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓનો ઉલ્લેખ કરી જણાવ્યું કે રાજ્ય સરકાર તમામ ક્ષેત્રો અને તમામ જિલ્લાઓના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે.

આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જિલ્લાની વિવિધ શાળાઓના બાળકો દ્વારા રજુ કરાયેલી વિવિધ કૃતિઓ નિહાળીને સૌ મંત્રમુગ્ધ બન્યા હતા.

ગાંધીધામ ખાતે થયેલી સ્વાતંત્ર્ય પર્વની જીલ્લા કક્ષાની ઉજવણીને આવરી લેતો રેડીયો અહેવાલ આજે આકાશવાણી ભુજ દ્વારા **8** વાગીને **15** મિનિટે અપાશ.

**(અશરફ નથવાણી)**

---

## ગાંધીધામ આદર્શ રોડ

ગાંધીધામના રોટરી સર્કલથી રાજવી ફાટક સુધી જતા માર્ગને આઈકોનીક એટલે કે આદર્શ રોડ બનાવવાની તજવીજ હાથ ધરવામાં આવશે. રીલાયન્સ સર્કલ થી રાજવી ફાટક તરફ જતા રસ્તાને 'આઈકોનિક રોડ' બનાવવા સરકારની નિર્મળ ગુજરાત 2.0 ની 98.23 લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે, જે દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી.

**(અશરફ નથવાણી NP)**

---

## ઉદ્યોગમંત્રી-રમતગમત સંકુલની મુલાકાત

ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે કચ્છના ગાંધીધામ ખાતેના રમતગમત સંકુલમાં કચ્છ ફૂટબોલ ક્લબ એકેડેમીમાં ફૂટબોલની રમતનો અભ્યાસ કરી રહેલા બાળકો સાથે મુલાકાત કરી હતી. તેમણે બાળકોને તંદુરસ્ત હરીફાઈથી રમીને ખેલદીલીની ભાવના જાળવવા જણાવ્યુ હતું.

**(માહિતી ખાતુ)**

---

ANUBHUJ

## ઉધોગમંત્રી શૈક્ષણિક તાલીમ સંસ્થાની મુલાકાત

ઉદ્યોગ, મંત્રી બલવંતસિંહ રાજપૂતે ગાંધીધામ ખાતે આવેલી ઔદ્યૌગિક તાલીમ સંસ્થાની મુલાકાત લઈને કૌશલ્ય વિકાસ માટે ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી મેળવી હતી.

**(અશરફ નથવાણી NP)**

---

## સંશોધકો અને લેખકોને  સન્માન

ભારતીય કલા અને સાસ્કૃતિક સંપદાઓનું જતન અને સંવર્ધન કરતી સંસ્થા કલાતીર્થ ટ્રસ્ટ સુરત દ્વારા તા.17મી ઓગષ્ટ શનિવારના સાંજે 4.30 કલાકે જીલ્લા મથક ભુજના  ભુજીયા મેમોરિયલ સ્મૃતિ વન સંગ્રહાલયના ઓડિટોરિયમ ખાતે 12 જેટલા કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે સંશોધન કરતા સંશોધકો અને લેખકોને સંસ્કૃતિ સંવર્ધક સન્માન 2024 થી સન્માનવામાં આવશે.

**(અશરફ નથવાણી NP)**

---

RNUBHUJ